सत्यमेव जयते

| | |
|---|---|
| **આંક** | |
| **દાખલ તા.** | ૧૭/૦૮/૨૦૦૬ |
| **રજુ કર્યા તા.** | ૧૭/૦૮/૨૦૦૬ |
| **તપાસેલ સાક્ષી** | ૦૪ |
| **ફેંસલ કર્યા તા.** | ૦૧/૧૦/૨૦૨૫ |
| **સમય મર્યાદા** | વર્ષ: માસ: દિવસ: |

**મે. બીજા એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૭, અમદાવાદ શહેર.**

**ફોજદારી કેસ નં. ૧૪૯૯/૨૦૦૬**

ફરિયાદી :- શ્રી સ ર કા ર

વિરૂધ્ધ

આરોપી :- સરફરાજ ઐયુબભાઈ અંસારી, ઉ.વ.૨૭,
રહે:- બારેજા હડમતીયા મહાદેવની પાછળ,તા.દસકોઇ,
જી. અમદાવાદ.

**ગુન્હો :- ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબ.**

**સરકાર તરફે :- વિ. એ. પી. પી. શ્રી એમ.આર.બારોટ.**
**આરોપી તરફે :- વિ. વ. શ્રી આઇ.એ.સૈયદ.**

**-// ચુકાદો //-**

**(૧)** આ કામની ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા: ૨૯/૦૬/૨૦૦૬ ના કલાક: ૨૦.૪૫ વાગ્યાના સુમારે શ્રીજી બંગ્લોઝની સામે રોડ ઉપર નારોલ રોડ ખાતે પોતાના કબજાની પિયાગો રીક્ષા નં.જી.જે.૧ એકસ ૨૫૭૮ની પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી આ કામના ફરીચાદી તથા સાહેદ નં.-૪ ને ટકકર મારી પાડી દઈ બન્ને શરીરના ભાગે ઈજા કરી ફેકચર કરી પાછળથી પકડાઈ જઈ ગુન્હો કર્યા હોવા બાબતેની ફરિયાદીએ વટવા પો.સ્ટે.માં તા.૧૭/૦૮/૨૦૦૬ ના રોજ ઈ.પી.કો. કલમ - ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબની ફરિયાદ કરતાં પોલીસે ફસ્ટ ગુના રજી.નં. ૪૧૪/૨૦૦૬ થી ગુનો રજીસ્ટર કરેલ. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરાવો જણાંતા આરોપી સામે ક્રિમી.પ્રોસી.કોડની કલમ-૧૭૩ અન્વયે ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

**(૨)** આ કામના આરોપીની સામે ધોરણસરના સમન્સની બજવણી કરતાં તેઓ પોતાના વિ.વ.શ્રી મારફત હજર થતા હતાં અને મારા પૂરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીએ તેમને ફોજાદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૦૭ ની જોગવાઈઓને આધીન રહી પોલીસના તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવી હતી. ત્યારબાદ આ કામના આરોપીની પ્લી આંક-૦૩ થી રેકર્ડ કરતાં આરોપીને ગુન્હો કબુલ ન હોવાથી ફરિયાદપક્ષના પુરાવા પર મુકવામાં આવેલ.

**(3)** ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**-: ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| ૧. | ૦૪ | ગોપાલભાઈ અરવિંદભાઈ ચૌહાણની સોગંદ પરની જુબાની. | પંચ સાહેદ |
| ૨. | ૦૬ | સાહેદ લક્ષ્મીબેન ગેબાજી પ્રજાપતિની સોગંદ પરની જુબાની. | સાહેદ |
| ૩ | ૦૯ | ભવનભાઈ ભીખાભાઈ ભરવાડની સોગંદ પરની જુબાની. | પંચ સાહેદ |
| ૪. | ૧૦ | મોહનભાઈ ગેબાજી પ્રજાપતિની સોગંદ પરની જુબાની. | ફરીચાદી સાહેદ |

**-: ફરિયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૫ | બનાવવાળી જગ્યાનું પંચનામું. |
| ૨. | ૦૭ | ફરિયાદ. |

**(૪)** સદર કામે ફરિયાદપક્ષે ફરિયાદીએ આંક-૧૨ થી પુરાવો બંધ કરવાની પુરશીશ રજુ કરતાં ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવા વિનંતી કરતાં ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૫)** આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ રેકર્ડ વંચાણે લેતાં હાલના કામે સી. આર.પી.સી.કલમ - ૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવા પાત્ર કોઇ પુરાવો ન હોય તહોમતદારો નું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ સદર કામ બંને પક્ષોની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવી.

**(૬)** ફરિયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી તથા આરોપીપક્ષે વિ.વ.શ્રીની વિસ્તૃત દલીલો સાંભળવામાં આવી.

**(૭)** ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રેકર્ડની ઉપર રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઇ તા: ૨૯/૦૬/૨૦૦૬ ના કલાક: ૨૦.૪૫ વાગ્યાના સુમારે શ્રીજી બંગ્લોઝની સામે રોડ ઉપર નારોલ રોડ ખાતે પોતાના કબજાની પિયાગો રીક્ષા નં.જી.જે.૧ એકસ ૨૫૭૮ની પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી આ કામના ફરીયાદી તથા સાહેદ નં.-૪ ને ટકકર મારી પાડી દઇ બન્ને શરીરના ભાગે ઈજા કરી ફેકચર કરી પાછળથી પકડાઇ જઇ ગુન્હો કરી આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ - ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ - ૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓના જવાબ નીચે મુજબ આપું છું.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**-// કા ર ણો //-**

(૯) **<u>મુદ્દા નં. ૦૧ ની ચર્ચા :-</u>**

આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો આક્ષેપ છે, ત્યારે ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭, ૧૮૪ લક્ષમાં લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

**<u>ઇ.પી.કો. કલમ–૨૭૯ :–</u>**

૧. જાહેર રસ્તા ઉપર વાહન ચલાવવું અથવા સવારી કરવી,

૨. બેફામપણે અથવા બેદરકારીપૂર્વક આવું વાહન ચલાવવું અથવા સવારી કરવી,

૩. જે કારણે બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા હાની સંભવ હોય.

**<u>ઇ.પી.કો. કલમ–૩૩૭ :–</u>**

જે કોઇ વ્યકિત , મનુષ્યની જિંદગી કે અન્ય વ્યકિતઓની શારીરિક સલામતી જોખમમાં મુકાય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી કોઇ કૃત્ય કરીને કોઇ વ્યકિતને વ્યથા કરે, તેને છ મહિના સુધીની બે માંથી કોઇ એક પ્રકારની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.

**<u>ઇ.પી.કો. કલમ–૩૩૮ :–</u>**

જે કોઇ વ્યકિત, મનુષ્યની જિંદગી કે અન્ય વ્યકિતઓની શારીરિક સલામતી અકસ્માત કરી કોઇ વ્યકિતને અકસ્માત અને ઇજા થયા ત્યારે, ડ્રાઇવરની ફરજોનો ભંગ કરી ગુનાઓની શિક્ષા માટે સામાન્ય જોગવાઇનો ભંગ કરી તેમજ બેફામ કે જોખમી રીતે વાહન ચલાવી તેમજ વીમા વગર વાહન ચલાવી જોખમમાં મુકાય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી કોઇ કૃત્ય

કરીને કોઈ વ્યકિતને મહાવ્યથા કરે, તેને બે વર્ષ સુધીની બે માંથી કોઈ એક પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધિના દંડની અથવા બંને શિક્ષા કરવામાં આવશે.

**<u>એમ.વી.એકટની કલમ-૧૭૭ :-</u>**

આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ, વિનિમય અથવા જાહેરનામાની કોઈ જોગવાઈનું ઉલ્લંઘન કરનાર, જો તે ગુના માટે એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે, બીજા અથવા ત્યાર પછીના ગુના માટે ત્રણસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

**<u>એમ.વી.એકટની કલમ-૧૮૪ :-</u>**

વાહન ચલાવવામાં આવતું હોય તે જગાના સ્વરૂપ, સ્થિતિ અને ઉપયોગ તથા તે જગામાના તે વખતના ખરેખરા ટ્રાફીકના પ્રમાણ અથવા ત્યાંના વાજબી રીતે અપેક્ષીત ટ્રાફીકના પ્રમાણપત્ર સીહત કોઈ કિસ્સાના તમામ સંજોગો ધ્યાનમાં લેતા, લોકો માટે જોખમી હોય એવી ઝડપે કે રીતે મોટર વાહન ચલાવનાર પહેલી વખત ગુનો સાબિત થયે, છ મહિના સુધીની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધિના દંડની શિક્ષાને પાત્ર થશે, અને એવો ગુનો અગાઉ કર્યાના ત્રણ વર્ષની અંદર કરેલો ત્યાર પછીનો ગુનો સાબિત થયે બે વર્ષ સુધીની કેદની, અથવા બે હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને, અથવા એ બંને શિક્ષાને પાત્ર થશે.

ઉપરોકત કાયદાકીય જોગવાઈની સાથે સાથે નામદાર ગુજરાત હાઈકોર્ટે સમયાંતરે જુદા જુદા ચુકાદાઓ આપેલ છે, જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના State of Gujarat V/s Mahmad Sarif Umar Gajal Muslim, G.L.H 2007(3) 561, The Hon'ble justice SMT. ABHILASHA KUMARI.J. વાળા ચુકાદામાં નામદાર હાઈકોર્ટે નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

A scrutiny of the evidence brought on record by the prosecution as reproduced herein above, reveals that what has been brought on record is the fact that an accident took place, that the accused was driving the tempo, the deceased persons were coming on a bicycle which dashed against the tempo on the right hand side, they sustained injuries and lated succumbed to death. A cumulative scrutiny of the entire evidence on record does not point towards rash and negligent driving on the part of the accused. As has been held in State of Gujarat V/s Dr. Maltiben Valjibhai shah (Supra) to constitute an offence under section 304-A of the Indian penal code, <u>it is necessary for</u>

the prosecution to establish that the act of the accused is rash or negligent and by such act the death has occured and that act does not amount to culpable homicide. In the present case, the prosecution has not been able to prove that the accused was driving the tempo at a very high speed or that he was driving it rashly so as to be negligent in taking due care and caution. In fact, it has come in evidence that the tempo was being driven at a speed about 40 to 50 Kms, per hour. The prosecution witnesses, who were sitting in the tempo at the time of the accident, have now here stated that the accident occurred as a result of the rash and negligent driving of the accused . In fact, the prosecution witnesses, who were sitting in the tempo at the time of accident, have failed to give any satisfactory account of how the accident took place and have only come to know about it when the noise was heard. Even PW Afsana has not situated anything in her testimony, pointing towards the rash and negligent driving of the respondent. The independent witnesses and panch witnesses have not supported the case of the prosecution. In this view of the matter, it cannot be said that trial court has committed any infirmity in recording a finding of acquittal in favour of the accused further, finding of the trial court cannot be said to be perverse, contrary to the material on record, palpably wrong, manifestly erroneous or demonstrably unsustainable so as to warrant the interference of this Court. { PARA ; 16 }

(૧૦) ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિધ્ધાંત છે કે, આરોપી સામેનો ગુનો ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવો જોઇએ. ઉપરોકત કાયદાકીય જોગવાઈ અને ચુકાદાઓ માંથી પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો લક્ષમાં લેતાં સ્પષ્ટ છે કે, આરોપી સામે જયારે બેફીકરાઈ, પૂરઝડપે, અને ભયજનક રીતે ચલાવી બીજાની તથા પોતાની જિંદગી જોખમાય તે રીતે વાહન ચલાવવાનો આક્ષેપ છે ત્યારે ફરિયાદપક્ષે તે સાબિત થવું જોઇએ કે, જે બનાવ સમયે આરોપી જ વાહન ચલાવી રહયાં હતાં અને વાહન ચલાવવાનું આરોપીનું કૃત્ય એટલી બેફીકરાઇથી અને બેદરકારીભર્યું અને મનુષ્યની જિંદગી જોખમાય તેવું હતું કે, જેથી આરોપીને તે સંદર્ભે ફોજદારી જવાબદારી માટે દોષિત ઠરાવી શકાય.

(૧૧) હવે, આ કામે ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો, ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં આંક-૦૪ થી પંચ સાહેદ ગોપાલભાઇ અરવિંદભાઇ ચૌહાણનાઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૦૬ માં પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલી સદર પંચનામું કઇ બાબતનું હતું તે તેઓને ખબર નથી પંચનામાની ઝેૈરોક્ષ નકલ તેઓને

બતાવવામાં આવે છે. જેમાં પંચ તરીકેની સહી ઓળખી બતાવી પંચનામું આંક- ૦૫ થી રજુ રાખેલ સદર કામે તેઓની હાજરીમા અકસ્માતવાળી જગ્યાનું પંચનામું કરેલ હોય તેવું બનેલ નહીં, આ પંચ સાહેદ પંચનામાની કોઇ હકીકતને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરીગયેલા સાહેદ જાહેર કરેલા છે અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં તેઓ પંચનામાની કોઇ હકીકતને સમર્થન કરતાં નથી.

**(૧૧.૧)** વધુમાં, ફરિયાદપક્ષે આંક-૦૬ થી સાહેદ લક્ષ્મીબેન ગેબાજી પ્રજાપતિનાઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, સદર કામના ફરીયાદી તેઓના પતિ થતા હતાં તેઓ ૨૦૨૦ મા અવસાન પામેલ બનાવ ૨૦૦૬ ની સાલમાં બનેલ બનાવમાં ૬ થી ૭ વાગ્યાની આસપાસ અકસ્માતનો બનાવ બનેલ બનાવ વખતે તેઓ તથા તેમના પતિ ચાલીને રોડ ક્રોસ કરતા હતા તે વખતે એક ટેમ્પાવાળાએ તેઓને તથા તેઓના પતિને ટકકર મારી કપાળના ભાગે તેમજ મોઢાના ભાગે ઇજા થયેલી અને તેઓને દાત પડી ગયેલા અને તેઓના પતિને છાતીના ભાગે ઇજા થતા ઇસનપુર ખાનગી  દવાખાનામાં સારવાર કરાવેલી અકસ્માત કરનાર રીક્ષા ચાલને ઓળખતા નથી બનાવ વખતે રીક્ષાવાળાની ભુલ હતી અને તે ઉતાવળ કરીને આવેલ હતો બનાવની ફરીયાદ તેઓના દિકરા મોહનભાઇએ કરેલ ફરીયાદની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે તેમા તેઓના પતિની સહી ઓળખી બતાવી આંક- ૦૭ થી પુરાવામાં રજુ રાખેલ છે. રીક્ષાના નંબરની ખબર નથી. બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં જણાવે છે કે, અકસ્માતવાળી જગ્યાએ વાહનોની અવર જવર ચાલુ હતી બનાવ વખતે ભીડ થતાં  ટેમ્પામાં બેસાડીને દવાખાને  લઇ ગયેલ હતાં.

**(૧૧.૨)** હવે, આ કામે ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લઇએ તો, ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં આંક-૦૯ થી પંચ સાહેદ ભવનભાઇ ભીખાભાઇ ભરવાડનાઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, સને ૨૦૦૬ માં પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલી સદર પંચનામું કઇ બાબતનું હતું તે તેઓને ખબર નથી પંચનામાની ઝેરોક્ષ નકલ તેઓને બતાવવામાં આવે છે. જેમાં પંચ તરીકેની સહી ઓળખી બતાવી પંચનામું આંક- ૦૫ થી રજુ રાખેલ સદર કામે તેઓની હાજરીમા અકસ્માતવાળી જગ્યાનું પંચનામું કરેલ હોય તેવું બનેલ નહીં, આ પંચ સાહેદ પંચનામાની કોઇ હકીકતને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરીગયેલા સાહેદ જાહેર કરેલા છે અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતાં તેઓ પંચનામાની કોઇ હકીકતને સમર્થન કરતાં નથી.

**(૧૧.3)**વધુમાં, ફરિયાદપક્ષે આંક- ૧૦ થી ફરિયાદી સાહેદ મોહનભાઇ ગેબાજી પ્રજાપતિનાઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, સદર કામના ફરીયાદી તેઓના પિતા થતા હતાં

અને ૨૦૨૦ માં તેઓ અવસાન પામેલા સદર બનાવ ૨૦૦૬ની સાલમાં બનેલો બનાવ વખતે તેઓના પિતા તથા માતા રસ્તો ક્રોસ કરતા હતાં તે વખતે ટકકર મારેલી જેથી તેઓના પિતાને છાતીના ભાગે સામાન્ય ઈજા થતા ખાનગી દવાખાનામા સારવાર કરાવેલી રીક્ષા ચાલકને ઓળખતા નથી બનાવ વખતે રીક્ષા ચાલકની ભુલ હતી તેવું જાણવા મળેલું બનાવની ફરીયાદ તેઓએ આપેલી તેમા તેઓની સહી ઓળખી બતાવી ફરીયાદ આંક- ૦૭ થી પુરાવામાં રજુ રાખેલ રીક્ષાના નંબરની ખબર નથી.

**(૧૨)** આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં સદર કામે ફરીયાદી અવસાન પામેલ હોવાનું જણાય આવે છે આમ, આંક-૦૪ થી રેકર્ડ કરવામાં આવેલ પંચ સાહેદ ગોપાલભાઈ અરવિંદભાઈ ચૌહાણ તથા આંક- ૦૯ થી પંચ સાહેદ ભવનભાઈ ભીખાભાઈ ભરવાડનો પુરાવો જોવામાં આવે તો, તેઓ બનાવવાળી જગ્યાના પંચ સાહેદ છે અને તેઓની હાજરીમાં કોઇ બનાવવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ નથી અને તેઓ હોસ્ટાઇલ જાહેર થયેલા છે. આમ, તેમના મૌખિક પુરાવાથી આંક-૦૫ થી રજુ બનાવવાળી જગ્યાના દસ્તાવેજી પુરાવાને સમર્થન મળતું નથી. વધુમાં, સદર કામે આંક-૦૬ થી સાહેદ લક્ષ્મીબેન ગેબાજી પ્રજાપતિનો રેકર્ડ કરવામાં આવેલ સાહેદનો પુરાવો જોવામાં આવે તો, બનાવ સાંજના ૬ થી ૭ ની આસપાસ બનેલ તેઓ તથા ફરીયાદી ચાલીને જતા હતા ત્યારે ટકકર મારેલાની વિગતો જણાવેલી છે પંરતુ વાહનના નંબની ખબર ન હોવાનું જણાવેલ છે જેથી, આ સાહેદના પુરાવાથી ફરિયાદપક્ષને સમર્થન કરતો હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આંક-૧૦ થી સાહેદ મોહનભાઈ ગેબાજી પ્રજાપતિ ટકકર વાગતા ઈજા થયેલ હોવાનું જણાવેલ છે. પરંતું તેઓએ ઉલટ તપાસમાં અકસ્માતવાળો બનાવ નજરો નજર જોયેલ ન હોવાનું જણાવેલ છે. તેઓ ઈજા પામનાર સાહેદ છે. આમ, ગુનાવાળી જગ્યાનું પંચનામું વંચાણે લેતાં તેમાં બનાવવાળી જગ્યાનું સ્થળ, સ્થિતિ જણાઈ આવે છે, પરંતુ કહેવાતો બનાવ, બનાવવાળી જે જગ્યાએ બનેલાનું ફરિયાદી જણાવે છે, તે જગ્યા પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેમ માનવાને કારણ રહે છે. જયારે તેઓએ તેમની ઉલટતપાસ જોવામાં આવે તો તેઓએ બનાવ નજરે જોયેલ ન હોવાની વાતનો સ્વીકાર કરેલ છે, ત્યારે સદર કામે અકસ્માત કરનાર વાહનની તેમજ તેના ચાલકની કોઈ ઓળખ સ્પષ્ટ થઈ શકેલી નથી. જેથી બનાવ હાલના આરોપીના કબ્જાના વાહનથી બનાવ પામેલ છે તેવું ફલીત થતું નથી સોહદ નં.-૪ ઈજા પામનાર સાહેદ છે પરંતુ વાહનના નંબરની ખબર ન હોવાનું જણાવેલ છે. જેથી ફરિયાદીના માતા તથા પિતાજીને હાલના આરોપીએ બનાવવાળી જગ્યાએ તેમના કબ્જાના વાહનથી પોતાની તથા બીજાની જિંદગી જોખમાય તે રીતે પૂરઝપડતે, બેદરકારી રીતે અને ગફલતભરી રીતે ચલાવી લાવી ટકકર મારી નીચે પાડી દઈ ફેકચરની ઈજાઓ કરેલી હોય તેવું તેમના પુરાવાથી ફલીત થતું નથી. આમ, સદર કામે મુળ ફરીયાદી સાહેદ મરણ ગયેલ હોય તેમની જુબાની રેકર્ડ કરવામાં આવેલ નથી.

**(૧૩)** વધુમાં, સદર કામે આરોપી તરફે આંક- ૦૫ થી રજુ પંચનામાને વિ.વ.શ્રી દ્વારા આંકે પાડવા સામે વાંધો નથી તે મતલબનો શેરો કરતાં તે ફરિયાદપક્ષે પુરાવામાં રજુ રાખેલ છે, પરંતુ સદર કામે ફરિયાદીએ આંક-૧૨ થી રજુ પુરાવા બંધની પુરશીશ રજુ કરતાં, અન્ય કોઇ સાહેદોને આ કામે તપાસવામાં આવેલા નથી. જેથી, રજુ થયેલા દસ્તાવેજી પુરાવાની હકીકતે આરોપી સામે આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે તેનો ઉપયોગ કરી શકાય તેમ નથી કારણ કે, કોઇપણ દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાથી સમર્થન મળતું હોય ત્યારે જ તે દસ્તાવેજી પુરાવાની હકીકતે આરોપી સામેના આરોપીમાં ઉપયોગમાં લઇ વંચાણે લઇ શકાય તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે અને એવીડન્સ એકટની કાયદાકીય જોગવાઇને પણ આ તબકકે ધ્યાને લઇને તેનું પુરાવાકીય મુલ્યાંકન કરવાનું રહે છે. આમ, આ કામે જે દસ્તાવેજ પુરાવા તરીકે રજુ કરેલ છે તેના સાહેદોના મૌખિક પુરાવાના અભાવે આ દસ્તાવેજી પુરાવાને સમર્થન મળેલ નથી. જેથી, સદર કામના આરોપીએ જ ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલી જગ્યાએ ટકકર મારી અકસ્માત કરી ફ્રેકચરની ઈજાઓ કરેલી હોય તેવી કોઇ હકીકત ફરિયાદપક્ષ તમેના પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. જેથી, આ દસ્તાવેજી પુરાવાને વંચાણે લઇ તેનો ઉપયોગ આરોપીની વિરૂધ્ધમાં કરી શકાય નહીં, તેમ આ અદાલતનું માનવું છે.

**(૧૪)** આમ, સદર કામે ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું બારીકાઈથી મુલ્યાંકન કરતાં ઉપરોકત વ્યાખ્યાના હાર્દ સમાન તમામ તત્વો ફરિયાદપક્ષે સાબિત કરવા માટે સમર્થનકારી પુરાવો આપવો જોઇએ. હાલના કામે તપાસેલ ફરિયાદીના પુરાવાથી હાલના આરોપીને સદર ગુનાના કામે સાંકળી શકાય તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી, તેથી ખરેખર કોની બેદરકારીથી બનાવ બનેલ તેની તેઓને ખબર નથી. વધુમાં, ફોજદારી નિતિશાસ્ત્રમાં એવું પણ જણાવવામાં આવેલ છે કે, ફરિયાદપક્ષે તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને આરોપીએ પોતાની નિર્દોષતા પુરાવાર કરવાની નથી. આરોપીએ તો માત્ર શંકા દર્શાવવાની રહે છે, જે શંકાનું નિરાકરણ ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર ન કરે તો તેનો લાભ ચોકકસ આરોપીને મળવાપાત્ર થાય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, આ કામે ફરિયાદીએ તેમના પિતાને ટકકર મારી ઈજા કરેલી હોવાની હકીકતો તેમની સરતપાસમાં જણાવેલ છે, પરંતુ અકસ્માત ઘટના સમયે અકસ્માત કરનાર વાહનના ચાલક હાલના આરોપી જ હતા અને તેઓની બેદરકારી ભર્યા ડ્રાઈવીંગને કારણે અકસ્માતનો બનાવ બનેલ હોય, તેવું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેવી જ રીતે આરોપીની ઓળખ અંગેનો કોઇ સમર્થનકારી પુરાવો આ કામે તપાસેલ સાહેદે આપેલ નથી અને આ જ વાત તેઓએ તેમની સરતપાસમાં અકસ્માત કયા વાહનથી થયો તેની તેમને ખબર નથી તેમ જણાવીને સમર્થન કરેલ છે. વધુમાં, અકસ્માતના કેસમાં આરોપીની ફોજદારી જવાબદારી અને સિવિલ જવાબદારી અલગ-અલગ

રહે છે. આમ, ફરિયાદપક્ષે આંશિકરીતે બનાવ બનેલ હોવાની હકીકત પુરવાર કરેલી છે. પરંતુ, હાલના આરોપીની બેદરકારીને કારણે જ બનાવ બનેલ હોય તેવું પુરવાર કરી શકેલ નથી. આમ, આ તબકકે તપાસવામાં આવેલ ફરિયાદીની જુબાની ધ્યાને લેતાં ઇ.પી.કો. કલમ-૨૭૯ ના આવશ્યક તત્વો પરીપૂર્ણ થતાં ન હોય, ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯ ની વ્યાખ્યા વાળી હકીકત રજુ પુરાવાથી પુરવાર થતી ન હોય, ત્યાં સુધી આરોપી સામેનો કેસ આક્ષેપાયેલ ગુનો નિ:શંકપણે પુરવાર થયેલો ગણી શકાય નહીં.

**(૧૫)** ઇ.પી.કો કલમ-૨૭૯ હેઠળનો ગુનો પુરાવાર કરવા માટે આરોપીની ગુનાહીત બેદરકારી અથવા વિવેક બુધ્ધિનો અભાવ પુરાવાર કરવો ફરિયાદપક્ષ માટે જરૂરી બને છે. માત્ર અકસ્માતથી કોઇને ઇજા થવાથી ઇ.પી.કો. કલમ-૨૭૯ નો ગુનો બનતો હોવાનું કહી શકાય નહીં અને આ મુખ્ય ઘટક પ્રસ્થાપિત થવું જરૂરી છે. તેમજ એમ.વી.એકટની કલમ-૧૮૪ માં જણાવ્યા મુજબના કોઇ ઘટકો પ્રસ્તુત કેસમાં કોઇ જગ્યાએ ફરિયાદપક્ષ ધ્વારા માણસની જિંદગી જોખમાય તેવી બેદરકારી અને ગફલતભરી રીતે કહેવાતા આરોપીએ વાહન ચલાવવાના કારણે ગુનો બનવા પામેલો હોય તેવી કોઇ મહત્વની હકીકત રેકર્ડ પર આવેલી નથી. વધુમાં, સદર કામે ફરિયાદપક્ષે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ છે, પરંતુ આ કામે ગુનાવાળી જગ્યાના પંચ સાહેદના મૌખિક પુરાવાથી આંક-૦૫ થી રજુ અકસ્માતવાળી જગ્યાના પંચનમાના દસ્તાવેજી પુરાવાને સમર્થન પ્રાપ્ત થયેલ નથી. વધુમાં, સદર કામે ફરિયાદીએ આંક-૧૨ થી કલોઝીંગ પુરશીશ રજુ કરતાં સદર કામે વધુ કોઇ સાહેદોને તપાસવામાં આવેલા નથી. વધુમાં, ફરિયાદીએ તેમની સરતપાસમાં જણાવ્યા મુજબ અકસ્માત જે જગ્યાએ બનેલ છે, ત્યારે તે મુદ્દે જોતાં બનાવવાળો વિસ્તાર ભરચક વસ્તીવાળો વિસ્તાર છે અને ત્યાં ઘણાં ટ્રાફીકની અવર જવર હોય છે અને આ ટ્રાફીકને કારણે સમાન્ય રીતે કોઇપણ વાહન સ્પીડમાં ચલાવી શકાય તેમ નથી. આમ, ગુનાવાળી જગ્યા એ ભીડભાડવાળો વિસ્તાર હોવા છતાં તે જગ્યાએથી કોઇ સ્વતંત્ર સાહેદોને લીધેલા નથી. જેથી આ કામે પ્રથમ તો આરોપીએ વાહન ચલાવવાનું કૃત્ય પૂરઝડપે, બેફીકરાઇ અને બેદરકારીપૂર્વક અને માણસની જિંદગી જોખમાય તે રીતે જે જગ્યાએ કરેલ છે, તે જગ્યા પુરવાર કરવમાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

**(૧૬)** આમ, ઉપરોકત પુરાવો જોતાં આ કામના આરોપીએ તા: ૨૯/ ૦૬/૨૦૦૬ ના રોજ પોતાના કબજાની પિયાગો રીક્ષા નં.જી.જે.૧ એકસ ૨૫૭૮ની પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી લાવી ફરીયાદી તથા સાહેદ નં.-૪ ને ટકકર મારી ઇજા કરી ફેકચર કરી ગુનો કર્યા હોવા બાબતેની કોઇ હકીકત શંકારહિત પુરવાર થતું નથી. જેથી ઉપરોકત પુરાવાની કરેલ ચર્ચાથી આરોપીને તેમની સામેના ગુનામાં સાંકળી શકાય તેવું ફલીત થતું નથી. વળી, આ કામે આરોપીની કોઇ ઓળખ પરેડ ફરિયાદી કે અન્ય કોઇ સાહેદ મારફતે કરાવેલ હોય તેવું

પણ રેકર્ડ પરથી ફલીત થતું નથી, ત્યારે બનાવ હાલના આરોપીની બેદરકારીથી બનવા પામેલ છે, તેવું ફરિયાદી સાહેદના પુરાવાથી પુરવાર થતું નથી. જેથી ઉપરોકત કરેલ ચર્ચાથી આરોપીને તેમની સામેના ગુનામાં સાંકળી શકાય તેવું ફલીત થતું નથી. આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ ફરિયાદી સાહેદનો પુરાવો ધ્યાને લેતાં ફરિયાદપક્ષે આરોપીનું કૃત્ય બેફામપણે અને બેદરકારી પૂર્વકનું હતું તેવું સાબિત કરવું જોઇએ. આ કામે આ અદાલતે ઉપરોકત ચર્ચા કરી તે મુજબની હકીકત સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલા છે. જેથી પડેલ પુરાવાની કરેલ ચર્ચાના અંતે તે પુરાવા પર આધારા રાખી આરોપીને તેમની સામેના આક્ષેપીત ગુનામાં સાંકળી શકાય તેમ નથી. જેથી મુદ્દા નંબર - ૦૧ નો જવાબ " **નકાર** " માં આપી મુદ્દા નંબર - ૦૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-// હુ ક મ //-**

સદર કામે વટવા પો.સ્ટે. ના ફસ્ટ ગુના રજી. નં. ૪૧૪/૨૦૦૬, ક્રિમી. કેસ નં.૧૪૯૯/૦૬ ના કામે આરોપી સરફરાજ ઐયુબભાઇ અંસારી, રહે:-બારેજા હડમતીયા મહાદેવની પાછળ, તા.દસકોઇ, જી. અમદાવાદનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ- ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાઓમાંથી પુરતા પુરાવાના અભાવે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે આરોપીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૭(એ) મુજબ રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા છ માસ સુધીના સમયગાળા માટેના ઉપરની અદાલતમાં જો અપીલ થાય તો તેમાં હાજર રહેવા માટેના આપવા.

આ હુકમ આજ રોજ તા. ૦૧ મી માહે- ઓકટ., સને-૨૦૨૫ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા. ૦૧/૧૦/૨૦૨૫.
સ્થળ:−અમદાવાદ.

(દિપક જેઠાભાઈ પરમાર)
બીજા એડી.ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.−૧૭, અમદાવાદ શહેર.
કોડ નં − જીજે − ૦૦૮૭૯